# આમસરણ ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને આત્મા પ્રોજેક્ટ મહેમદાવાદ દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે મહેમદાવાદ તાલુકાના આમસરણ ગામે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણાસોલી દ્વારા પ્રાકૃતિક કૃષિની અગત્યતા ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઈ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપેલ હતી.

શ્રી બીપીનભાઈ, બ્લોક ટેકનોલોજી મેનેજર (આત્મા)એ ખેડૂતોને પ્રાકૃતિક જીવામૃત અંગેની પ્રાયોગીક ટ્રેનીંગ આપી, પ્રાકૃતિક ખેતીના પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈએ પ્રાકૃતિક ખેતીમાં તેમને થયેલ ફાયદા વિષે માહિતી આપેલ હતી. આમસરણ ગામના ચંદુભાઈએ પ્રાકૃતિક ખેતી અને તેનાથી વિવિધ મૂલ્યવર્ધિત ઉત્પાદનો દ્વારા થતા ફાયદા વિષે માહિતી આપેલ હતી. શ્રીમતી સ્નેહલબેન, ગ્રામ સેવકે હાજર ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરેલ હતા. મહેમદાવાદ તાલુકાના ૧ ગ્રામ સેવક અને આમસરણ ગામના પ્રગતિશીલ ૧૨ ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ દીધેલ હતો.




